
# પ્રજાસેવાના અનુભવો



– દલસુખભાઈ પટેલ



ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૧૭

લોકભારતી પ્રકાશન  સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૧૭

# પ્રજાસેવાના અનુભવો

દલસુખભાઈ પટેલ

લોકભારતી પ્રકાશન
સણોસરા – ૩૬૪ ૨૩૦
 તાલુકા : શિહોર (જિ. ભાવનગર)
ગુજરાત. ભારત. **(India)**

પ્રકાશક :
નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : જુલાઇ, ૨૦૧૫–'૧૬
સત્ય ગ્રાફિક્સ. અમદાવાદ.  ફોન : +૯૧ ૯૪૨૮૮૦૨૪૮૨

# અનુક્રમણિકા


ઉપહાર.....................................................Error! Bookmark not defined.

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !. Error! Bookmark not defined.

કુટુંબ પરંપરા અને ઉછેર.................................................................. 3

શિક્ષણ અને ઘડતર ......................................................................... 7

લોકભારતીમાં ............................................................................... 9


લોકકારણ અને સમાજ નવનિર્માણ...................................................... 13

વિવિધ ક્ષેત્રે કાર્યાનુભવો ................................................................. 15

કુટુંબજીવનની વાતો ...................................................................... 27

શ્રી દલસુખ ગોધાણી...................................................................... 28

# ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ* ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

# કુટુંબ પરંપરા અને ઉછેર

અમારું ગોધાણી કુટુંબ સતુઆ બાવાના વખતથી રતનપુર ગામે પ્રખ્યાતિ પામેલું. તેમના ધાર્મિક અને સામાજિક વારસાએ અમારી ચાર પેઢીના વાતાવરણમાં અસરકારક ભાગ ભજવ્યો છે . હું સમજતાં શીખ્યો અને પ્રાથમિક શાળાએ જતાં શીખ્યો ત્યારથી મેં જોયેલું કે મારા પિતાશ્રી અને અમારા કુટુંબને પાલિતાણા રાજ્યની સાથે સારો સંબંધ હતો. આઝાદીની લડત શરૂ થઈ ત્યારે રાજકીય આગેવાનો પણ અમારા કુટુંબ સાથે સંબંધ રાખતા. મેં જોયેલું કે મારા પિતાશ્રી નાનામોટા સૌને આર્થિક રીતે બહુ જ મદદગાર થતા. બનારસથી એક સાધુ આવેલા અને તેમણે કહ્યું કે આ કુટુંબે સતુઆ બાવાનો વારસો જાળવી રાખ્યો છે. તે સાધુની વાત મને અનેકવાર યાદ આવતી રહે છે.

અમારે ત્યાં બહારથી અનેક માણસો આવતાં જતાં અને તેમની પાસેથી મેં સાંભળેલું કે પૂજ્ય સતુઆ બાવાનો જન્મ પાલિતાણા તાલુકાના રતનપુર ગામે આજથી દોઢસો વર્ષ પહેલાં થયો હતો. તેઓ ખૂબ જ સારી સ્થિતિના , રાજ્યના પહેલા નંબરમાં ગણના થાય તેવા એક ખેડૂત હતા. તેમને નાનપણથી જ ભક્તિમાં અને ભજનકીર્તનમાં ખૂબ રસ હતો જેથી તેમનું ઘર હંમેશાં સાધુ-સંતોથી ભરેલું રહેતું. તેઓ રાજ્યના પટેલ ગણાતા. જમીન સંપત્તિ ખૂબ જ સારી હતી. આ સમયે પાલિતાણાનાં કુંવરીનાં એટલે મહારાજા સુરસિંહજીની દીકરીનાં લગ્ન હતાં. એક બાજુ દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થયેલી. રાજાએ ખેડૂતો પાસે ભેટ સોગાદોનો આગ્રહ રાખ્યો. પૂ. સતુઆ દાદાએ ઇન્કાર કર્યો અને રાજ્ય છોડી બનારસ તરફ જવા માટે ચાલી નીકળ્યા. ત્યાં એક સાચા સેવાભાવી સંત તરીકે ખ્યાતિ પામ્યા. આજે પણ તેમની જગ્યા અને સદાવ્રત ઉપરાંત સંસ્કૃત પાઠશાળા ત્યાં ચાલે છે.

આ બધી વાતોની મારા ઉપર બાળપણથી જ સારી અસર થઈ. તેથી જ ધાર્મિક વાતો સાંભળવી, બધા સાથે હળીમળીને રહેવું વગેરે મને ગમતું.



# શિક્ષણ અને ઘડતર

રતનપુરપ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી પાલિતાણા રાજ્યની બોર્ડિંગમાં પહેલી અંગ્રેજીમાં દાખલ થયો. આ સાર્વજનિક બોર્ડિંગ રાજ્ય સંચાલિત હતી. તેમાં સરકારી નોકરોના , ખેડૂતોના અને રાજ્યના ગરાસદારોનાં બાળકો અભ્યાસ કરતાં. આ બોર્ડિંગમાં દાખલ થવાથી સામૂહિક જીવન જીવવાની અને વિશાળ કુટુંબમાંથી છૂટા પડ્યા પછી અન્ય કોમના વિદ્યાર્થીઓ સાથે ભળવાની તક મળી. તે વખતના કેટલાક મિત્રો સાથે આજે પણ મારે કુટુંબ કરતાં વિશેષ સંબંધ છે. કેટલીકવાર વૅકેશનમાં વિદ્યાર્થીમિત્રો મારે ઘરે આવતા, દસપંદર દિવસ રોકાતા, સૌને મારાં માતુશ્રી મારી સાથે મારી જેમ જ મારે ઘેર રાખતાં. આમ બાળપણથી જ સૌની સાથે હળીમળીને રહેવાનું ઉત્તમ શિક્ષણ અભ્યાસકાળ દરમ્યાન પ્રાપ્ત થયેલું.

હું નાનો હતો ત્યારેમારાં બાએ એક વખત રૂપાભાઈ હરિજનને બોલાવવાનું કહ્યું. રૂપાભાઈને અમે મામા કહીને બોલાવતા. એમના દીકરાની વહુને પેટમાં ગાંઠનું ઑપરેશન ભાવનગર લઈ જઈ કરવાનું પાલિતાણાના ડૉક્ટરે કહેલું. તેઓ મારા પિતાશ્રી પાસે આવ્યા અને બધી વાત કરી ત્યારે મારા પિતાશ્રીએ ઑપરેશન કરાવીલેવા કહ્યું, એટલું જ નહીં પણ સાથે ગયા અને આર્થિક રીતે પણ મદદ કરી. જોકે હરિજનને અડીને આવો તો પાણીની છાંટ અમારા ઘરમાં પણ નંખાતી. છતાં મારું કુટુંબ તેમના સામાજિક અને અન્ય પ્રશ્નોમાં હરહંમેશ મદદરૂપ થતું તેથી તેની અસર મારા મન ઉપર એ પડી કે કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ વગર સૌના દુઃખમાં ઊભા રહેવું, મદદગાર થવું એ માણસની ફરજ છે.

આઠમા ધોરણથી પાલિતાણા બોર્ડિંગ છોડી હું ભાવનગર ભણવા ગયો. તે સમયે પાલિતાણા સાર્વજનિક બોર્ડિંગ બંધ થઈ હતી. આ બોર્ડિંગ બંધ થવાનું કારણ તેમાં કોઈ હરિજન વિદ્યાર્થી ન હતા અને તેને સાર્વજનિક બોર્ડિંગ કહી ન શકાય તેવું કારણ બતાવી તે વખતના કેળવણીપ્રધાન શ્રી નાનાભાઈ ભટ્ટે બંધ કરાવેલી.

ત્યારથી મારા સ્મરણમાં પૂજ્ય શ્રી નાનાભાઈનું નામ આવેલ. મેં બધા વિદ્યાર્થીઓને આ બાબતે વિરોધ દર્શાવી અરજી કરવા પ્રેરેલા !

ધોરણ ૮ થી ૧૧નું શિક્ષણ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં થયું , તે દરમિયાન ૧૯૫૧માં જવાહરલાલ નેહરુ ભાવનગર આવેલા.

તેમની સભાના બંદોબસ્ત માટે જિજ્ઞાસા ખાતર કૉંગ્રેસ સેવાદળમાં જોડાયેલો. આ સેવાદળમાં જોડાવા પાછળ મનમાં એક આકર્ષણ હતું કે મોટા નેતાઓની સભામાં જવું અને તેમની વાતો

સાંભળવી. આ દરમિયાન મને અમારા સેવાદળના નાયક શ્રી જુગલકિશોરભાઈ મહેતાનો પરિચય થયો. તેમનો સ્વભાવ મિલનસાર હતો અને મારા એક ભત્રીજાને ઠક્કરબાપા બોર્ડિંગમાં દાખલ કરાવવાના નિમિત્તે મળવામાં પરિચય વધતો ગયો. શ્રી જુગલકિશોરભાઈ એ મને "કોડિયું" આપ્યું અને કહ્યું કે આ "કોડિયું"માં ગ્રામ વિદ્યાપીઠનો લેખ છે . તમે વાંચી જાઓ. આ લેખ વાંચીને મને ગ્રામ વિદ્યાપીઠમાં દાખલ થવાનું મન થયું. એટલે શ્રી જુગલકિશોરભાઈનો મારા જીવન ઘડતરમાં મહત્ત્વનો ફાળો છે એવું હું માનું છું.

હું જ્યારે લોકભારતીમાં પ્રથમવાર ભાવનગરથી ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા ગયો ત્યારે ત્યાં મારા પરિચિત શ્રી વલ્લભભાઈ હતા. અમે જ્યારે મુ. શ્રી મનુભાઈ પાસે ગયા ત્યારે તેઓ દસ-બાર વિદ્યાર્થીઓને એક વૃક્ષ નીચે ભણાવતા હતા.વર્ગ પૂરો થયા બાદ શ્રી વલ્લભભાઈએ મારી ઓળખાણ કરાવી કે આ મારા મામાના દીકરા છે. લોકભારતીમાં તેમને અભ્યાસ કરવાની ઇચ્છા છે. આ અગાઉ શ્રી મનુભાઈને મેં પાલિતાણામાં સૌરાષ્ટ્ર રાજ્યના એકમ વખતે પાલિતાણા રાજ્યનો કબજો લેવા માટે આવેલા , ત્યારે તે સમારંભમાં એક જુસ્સાદાર વક્તા તરીકે સાંભળેલા અને મોભાદાર વ્યક્તિ તરીકે રાજાની પાસે સિંહાસન પર બેઠેલા જોયેલા. તે વખતનો તેમને દરજ્જો અને માન-મરતબો મારી આગળ તાદૃશ થયા . જ્યારે બીજી બાજુ એક વૃક્ષ નીચે શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને ભણાવતા મુ. શ્રી મનુભાઈને જોઈને મને ઘણો આનંદ થયો. મુ. શ્રી મનુભાઈએ પૂછ્યું કે આ ભાઈ કોણ છે ? વલ્લભભાઈએ મારો પરિચય આપ્યો. મનુભાઈએ કહ્યું કે જે પેલા મોટા ખેડૂત છે તેમના દીકરા ને ? એટલે વલ્લભભાઈએ હકારમાં માથું ધુણાવ્યું. મુ. શ્રી મનુભાઈએ મને કહ્યું કે ભાવનગર કે બીજી કૉલેજમાં શું કામ ભણવા જતા નથી ? ત્યારે મેં કહ્યું કે મારે ભણીને ગામડામાં કામ કરવું છે તેથી જ લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં ભણવાનો વિચાર કર્યો છે. મનુભાઈ એ ફોર્મ ભરી આપવા કહ્યું.

લોકભારતીની શરૂઆત હતી. સાત દિવસનો ઇન્ટરવ્યૂ રાખેલો. ઇન્ટરવ્યૂમાં સવારમાં વહેલા ઊઠવાનું,૩ કલાક સુધી ખેતરમાં કામ કરવાનું વગેરે હતું. તે વખતે પાળા બાંધવા અને પથ્થર વીણવાનું કામ હતું. બપોર પછી પેપર લખવાનાં. ગૃહકામ , સફાઈ વગેરે જાતે જ કરવાનું હતું. લોકભારતીમાં દાખલ થવાનો ખૂબ ઉત્સાહ હતો એટલે આ બધી ફરજો ખૂબ ઉત્સાહથી કરતો અને તેથી ઇન્ટરવ્યૂમાં પાસ થઈ ગયો.

# લોકભારતીમાં

જે દિવસે ઇન્ટરવ્યૂમાં આવ્યો અને કામ શરૂ થયું ત્યારે મારા મનમાં એક ગડમથલ ચાલતી હતી : આ તે કેવી ગ્રામવિદ્યાપીઠ છે જેને મકાન નથી , સાધનો નથી , લૅબોરેટરી નથી ! આને ગ્રામવિદ્યાપીઠ કેમ કહેવાય ? એક બાજુ શામળદાસ કૉલેજ જેવી ભવ્ય સંસ્થા અને શહેરી વાતાવરણ અને બીજી બાજુ આ વિદ્યાપીઠ ! પણ જ્યારે સંસ્થાના ઉદ્દઘાટન પ્રસંગે પૂ. શ્રી નાનાભાઈ બોલ્યા કે આ સંસ્થા કોઈ કૉલેજ કે યુનિવર્સિટીની હરીફાઈમાં નથી. અમે તો ગામડાનો વિકાસ થાય અને આ યુવાનો ભણીને ગામડામાં આગેવાની લઈ શકે અને ગામડામાં રહે એવી ભાવનાથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માગીએ છીએ ; અહીં ભણીને નોકરી મળે એવી કોઈ બાંહેધરી અમે આપતા નથી. હજુ કોઈના વાલી , માબાપ કે વિદ્યાર્થીના મનમાં એવું હોય કે નાનાભાઈના માનમરતબાથી નોકરી મળી જશે તો તેવા વિદ્યાર્થી જઈ શકે છે ! પુ. નાનાભાઈએ એમ પણ કહેલું કે આ સંસ્થામાં મોટું દાન આપનાર જીવણલાલ શેઠ હોય કે સાંઢીડાના કોઈ શ્રમજીવી ખેડૂત એક રૂપિયો આપે તો મારે મન બેય સરખું છે . તેમના ભાષણની મારા ઉપર ઘણી સારી અસર પડી. હું સંસ્થાના કાર્યથી પ્રભાવિત થયો અને હું જે ધ્યેયથી આ સંસ્થામાં આવ્યો છું તે પરિપૂર્ણ થશે એવી મને શ્રદ્ધા જાગી.

ધીમે ધીમે અમારું પદ્ધતિસરનું શિક્ષણ શરૂ થયું. શિક્ષણના શરૂઆતના દિવસનો એક અનુભવ અને યાદ આવે છે. છાત્રાલયમાં જુદાં જુદાં કામોની વહેંચણીમાં અમારી ટુકડીને પાણી ભરવાનું કામ આવ્યું. તે વખતે સણોસરામાં જ્યાં આજે ગામની ટાંકી છે ત્યાં કૂવો હતો. કૂવા ઉપર ગરેડી પણ ન હતી. મેં કોઈ દિવસ આવું કામ કરેલ નહીં. આ તો બહેનોનું જ કામ એમ મને મનમાં લાગતું. રતનપુર ગામની બહેનો જેમનું સાસરું સણોસરા ગામે હતું , તે બેન-દીકરીઓએ મને પાણી ભરતાં જોયો. તેઓ મને દલસુખકાકા કહેતાં. તેઓ બોલવા લાગ્યાં કે દલસુખકાકા પાણી ભરવા આવ્યા છે. મને મનમાં ખૂબ લાગી આવ્યું કે મારે અહીં ભણવું નથી અને ઘેર જતા રહેવું છે. પણ સાંજે પ્રાર્થનામાં અમારા ગૃહપતિએ કહ્યું કે આ છાત્રાલયનું નાનુંમોટું બધું કામ એ આપણા ઘરનું જ કામ છે. આપણાં ઘરમાં વાસણ કોણ ઊટકે છે ? વાસણ, પાણી, સફાઈ વગેરે ઘરનું કામ કોણ કરે છે ? આપણાં બા , બહેન કે ભાભી ઘરના આવાં કામ કરતાં હોય છે. આ બધાં આપણા ઘરનાં વ્હાલામાં વ્હાલાં સભ્યો છે. જો તે આવું કામ કરતાં હોય તો તેને હલકું કામ કેમ ગણી શકાય ? ઊલટાનું આ કામ કરનાર ઘરના સભ્યને પ્રતિષ્ઠા આપવી જોઈએ. આ એક છાત્રાલયમાં તમે બધા એક ઘરના સભ્યો જેવા છો અને ઘરની જેમ તમારે રહેવાનું છે.

આ વાત મારા ગળે ઊતરી ; પણ મનમાં થોડીક શરમ રહી ગઈ. એટલે મને પાણી ભરવાનું રાત્રે ગોઠવાવ્યું જેથી કોઈ દેખે નહીં ! પણ આવી રહીસહી શરમ પણ એક નાના પ્રસંગથી દૂર થઈ. એક વખતે અમારા ગામના ગોર ધનજીભાઈ સણોસરા આવતા હતા. મારાં બાએ મારી ખબર કાઢવા કહેલ. અમારી ટુકડી પાયખાનાની સફાઈ કરતી હતી. તેવામાં ધનજીભાઈને લઈને એક વિદ્યાર્થી મારી પાસે આવ્યો. મને પાયખાનાની સફાઈ કરતો જોઈને ખૂબ અફસોસ થયો અને બોલવા લાગ્યા કે, “જેરામદાદાના કુટુંબનું પતન થઈ ગયું ! ભણ્યા પછી છોકરા પાયખાનાની સફાઈ કરવાનું શીખ્યા. મારે નંદૂબાને વાત કહેવી પડશે.” મને મળ્યા વગર ચાલ્યા ગયા. તેમણે આ વાત મારી બાને આવીને કરી. મારાં માતુશ્રીએ આ વાત મારા પિતાશ્રીને કરી ત્યારે તેમણે કહ્યું કે નાનાભાઈની સંસ્થામાં આમ જ હોય. ત્યાં નાનામોટાનો કે આ કામ હલકું છે કે મોટું છે તેવો કોઈ ભેદભાવ હોય જ નહીં. ગોરને બધી ખબર ન પડે. આમ અમુક કામની સૂગ, શરમ અને નાનીમોટી શંકા-કુશંકા વગેરે ધીરે ધીરે દૂર થતાં રહ્યાં અને અભ્યાસના ધ્યેય પ્રત્યે મને રસ પડવા લાગ્યો.

શ્રી રતિભાઈ અંધારિયા અમારા એ વખતે આચાર્ય હતા. તેમણે ખેતીના ઉત્પાદનકામમાં ઘણો રસ ઊભો કરેલો. અમને પ્લૉટ આપવામાં આવેલ. અમારી ટુકડી સારું ઉત્પાદન કરી પ્રથમ આવેલી. એટલેઅમને જે પદ્ધતિથી શિક્ષણ મળતું તેમાંથી ખૂબ આત્મશ્રદ્ધા જાગી. વળી , સોંપાયેલ કામ ખંતથી અને જવાબદારીપૂર્વક કરવામાં આવે તો તેમાં કોઈ કોઈ મુશ્કેલી રહેતી નથી , તેવો ભારે આત્મવિશ્વાસ આ શિક્ષણના કાળ દરમ્યાન પ્રાપ્ત થયો. ઉપરાંત સંસ્થા દ્વારા ગોઠવાતી શિબિરો, સંમેલનો વગેરે કાર્યક્રમોને લીધે ગામડાંમાં જવાનું બનતું તેથી ગ્રામજનોના પ્રશ્નો સમજવાનું થતું અને તે વખતે કાર્યકર્તાઓનાં વલણ , વ્યવહાર અને માર્ગદર્શનથી અમારું ઘડતર થતું. ઉપરાંત શ્રમજીવીઓ, ગરીબો અને દુઃખીઓ પ્રત્યે કરુણા ઊપજતી અને તેમને કેમ ઉપયોગી થવું તેની આવડત અને આયોજનશક્તિ વગેરે ગુણોનો વિકાસ ત્યારથી થયો હોય એમ લાગે છે. મને યાદ આવે છે કે નઈતાલીમ સંમેલનમાં આયોજનનું જે પ્રત્યક્ષ કામ થયેલ અને આ કામ કરવામાં અમને જે તાલીમ મળી તે આજે પણ મારા જીવનના દરેકે દરેક કાર્યમાં પ્રેરણા આપી રહી છે.

લોકભારતીના શિક્ષણ દરમ્યાન અને ૧૯૫૪માં અખિલ ભારતીય નઈતાલીમ સંમેલન મળ્યું હતું ત્યારે સ્વતંત્ર રીતે કામ કરવાની જે તક મળેલી તેના કારણે મારા જીવનમાં આત્મશ્રદ્ધાનું બળ વધ્યું. નઈતાલીમ સંમેલનનું જે કામ સોંપેલું તે કામ પહેલી દૃષ્ટિએ ઘણું નાનું લાગે પણ તેમાં જે પ્રદર્શન ભરવાનું હતું તેના મુખ્ય પ્રવેશદ્વાર માટે માટીનાં નાનાંમોટાં અનેક જાતનાં વાસણો

બનાવવાનાં હતાં અને તેને સુશોભન તરીકે વાપરીને મુખ્ય પ્રવેશદ્વાર તૈયાર કરવાનું હતું. આ કામ મુ. શ્રી. મૂળશંકરભાઈએ મને સોંપ્યું . આ કામ લીધા પછી મારા મનમાં મૂંઝવણ પેદા થઈ કે આ બધું કેવી રીતે ગોઠવવું ? હું જ્યારે નાનો હતો હતો ત્યારે વાડીએ નવાગામના કુંભારભાઈ અવાર-નવાર ગધેડાં ઉપર માટીના ગોળા , માટલાં ભરીને આવતા , ત્યારથી મારી સાથે તેમને પરિચય હતો. તેથી હું સીધો નવાગામ પહોંચ્યો. શ્રી અરજણભાઈ કુંભારને મેં વાત કરી કે લોકભારતીમાં નઈતાલીમનું સંમેલન ભરવાનું છે , તેમાં મુખ્ય દરવાજાના પ્રવેશદ્વાર માટેનાં માટીનાં વાસણોનું કામ તમને આપવાનું છે. તેઓ એમ સમજ્યા કે થોડાં વાસણો જોઈતાં હશે. મેં તેમને કહ્યું કે આ માટે તમે બંનેભાઈઓ લોકભારતીમાં મુ. શ્રી મૂળશંકરભાઈ પાસે આવો.

તેમને હું મુ. શ્રી મૂળશંકરભાઈ પાસે લઈ ગયો અને નાનાંમોટાં વાસણોનું લિસ્ટ તેમને આપ્યું. અરજણભાઈએ આ લિસ્ટ જોઈને ના પાડી. મેં તેમને કહ્યું કે તમારાં સગાંવહાલાંને બોલાવીને બેત્રણ જણા પાંચસાત ચાકડાઓ અને નીંભાડા શરૂ કરો અને તે માટે હું સાંઠી , બળતણ વગેરે તમને રતનપરથી અપાવીશ. તેમને હિંમત આવી , કામ શરૂ કર્યું અને વાસણો તૈયાર થવા લાગ્યાં. દરરોજ સવારે અમે ટ્રેક્ટર લઈને જતા અને રાતના તૈયાર કરેલાં વાસણો લોકભારતીમાં લઈ આવતા. રંગબેરંગી ડિઝાઈનવાળાં માટીનાં વાસણોથી સુશોભન કરી મુખ્ય પ્રવેશનો દરવાજો તૈયાર કર્યો. નઈતાલીમ સંમેલન ભરાયું ત્યારે લોકો અને મહેમાનો આ દરવાજાનાં ખૂબ વખાણ કરતાં ત્યારે મારા મનમાં એક પ્રકારનો સંતોષ અને આનંદ થતો. ત્યાર પછી નઈતાલીમ સંમેલનનું બીજું કામ પડેલું તે રેલવેસ્ટેશન ઉપર મહેમાનોને લેવા માટે ખાસ બસ લઈને દસ વિદ્યાર્થીઓને સાથે રાખીને જવાબદારી લીધેલી. મુરબ્બી શ્રી મૂળશંકરભાઈએ આ કામ મને સોંપેલું. તેમાં બિહારના એક મહેમાનની બૅગ ટ્રેઈનમાં સીધી ભાવનગર ચાલી ગઈ. લોકભારતીમાં આવીને તેમનો સામાન ગણતાં બૅગ મળી નહીં એમ અમને મહેમાને જણાવ્યું. તુરત જ હું સ્ટેશને દોડી ગયો અને ત્યાં રેલવે સ્ટેશન માસ્તરને વાત કરી. ભાવનગર ફોનથી ખબર આપ્યા.

ભાવનગર સ્ટેશન માસ્તરે તપાસ કરીને બૅગ ઉતારી લીધી અને સણોસરા જાણ કરી અને બૅગ સહીસલામત મહેમાનને સોંપી. મહેમાન ખૂબ ખુશ થયા અને અમને શાબાશી આપી. આવાં નાનાં કામોમાંથી જે સૂઝ પેદા થઈ અને તાત્કાલિક નિર્ણય લેવાની શક્તિ પેદા થઈ અને તેનાં પરિણામો પણ તુરત મળવાથી કામ કરવાનો ઉત્સાહ વધતો ગયો.

આવી જ રીતે લોકભારતીના અનેક કાર્યક્રમોમાં ભાગ લેતાં લેતાં જે પ્રત્યક્ષ શિક્ષણ અને અનુભવ મેળવ્યા તે આજે જીવનમાં ભારે ઉપયોગી બન્યા છે.

એક વખત પૂ . નાનાભાઈ અમારો વર્ગ લેવા માટે આવવાના હતા. સામાન્ય રીતે તેઓ રાજ્યસભાના સભ્ય હોવાને કારણે દિલ્હી હોય , પણ જ્યારે લોકભારતીમાં હોય ત્યારે અમારો વર્ગ લેવા જરૂર આવતા. વર્ગ લેવા આવ્યા ત્યારે અમારા છાત્રાલયની આગળ એક હરિજન છોકરો કેશવ અમારા બધાનાં ચંપલ અને બૂટને પૉલિશ કરી આપતો હતો. નાનાભાઈએ તેને બહાર જોયો અને અમારા વર્ગમાં આવ્યા. નાનાભાઈએ વર્ગની શરૂઆત કરી અને કહ્યું કે હવે હું ઘરડો થયો છું . કાને સાંભળતો નથી, આંખે સૂઝતું નથી અને લખવાનું થાય તો હાથ ધ્રૂજે છે. યાદ પણ રહેતું નથી તેથી તમે બધા હવે મને એક બ્રશ અને પૉલિશની બેત્રણ ડબ્બીઓ આપો જેથી હું બેઠો બેઠો પૉલિશ કરું. આ વાત જ્યારે નાનાભાઈએ કહી ત્યારે બધાનાં મન ઉપર ભારે અસર થઈ. સ્વાવલંબન અને હાથે કામ કરવાની જે ટેવ લોકભારતીમાં શીખવાની છે તેમાં કંઈક ઊણપ છે તેવો ટોણો નાનાભાઈનો હતો, તે અમે બધા સમજી ગયા. આવી રીતે આવા મહાન પુરુષોની શિક્ષણ પદ્ધતિથી અમારા જેવા હજારો વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન અને ઘડતર થયું છે. હું પણ આવું શિક્ષણ મેળવવામાં સદ્ ભાગી છું. એક વખત નાનાભાઈએ પ્રાર્થનામાં કહેલું કે મેં આ ગ્રામવિદ્યાપીઠ કાઢી છે તેનો હેતુ આ વિદ્યાપીઠમાં શિક્ષણ લીધા પછી નોકરી અપાવવા માટે નહીં પણ મારા વિદ્યાર્થી એકેક ગામમાં જઈને લોકોની વચ્ચે કામ કરે તેને હું મારું સાચું શિક્ષણ ગણું છું. જેને ગામડામાં જઈ કામ કરવું હશે તેને સૌરાષ્ટ્ર સરકાર પાસેથી જમીન પણ અપાવીશ.

તેવી રીતે મુ. શ્રી મનુભાઈએ લોકભારતીના ખેતીવાડી સ્નાતકોને સરકારી પડતર જમીન આપવી, પાંચ વર્ષ સુધી મહેસૂલ ન લેવું અને ખેતીના વિકાસ માટે લોન અને બીજી મદદ પણ આપવી, તે જાતનો પરિપત્ર સરકાર પાસે કરાવેલો. તે દિવસોમાં નાનાભાઈના સૂચન અને રણકારથી અમે બે-ત્રણ મિત્રોએ ગામડામાં રહેવું અને ગામડાના લોકો સાથે-કામ કરવું તેવો નિર્ણય કર્યો.



# લોકકારણ અને સમાજ નવનિર્માણ

લોકભારતીમાંથી સ્નાતક થઈને મેં ફૂલસર ગામે સરકારી પડતર જમીનની માગણી કરી. આ જમીન સોંપવાની પૂર્વ-તૈયારીરૂપે જમીનનું પૃથક્કરણ વગેરે કરાવ્યું અને તે વખતના પાલિતાણાના એક આગેવાન શ્રી જોરસંગભાઈ કવિ પાસે ગયો. તેમણે કહ્યું કે તમારે ત્યાં ખેતી કરવાની શું જરૂર છે ? અહીં મારી પાસે ૭૦૦-૮૦૦ વીઘા જમીન છે. મારે પણ ગામડામાં નાનાભાઈ જેમ લોકશાળા શરૂ કરવી છે. મારે તમારા જેવા કાર્યકરની જરૂર છે. તેથી અમે તેમની સાથે ભૂતડિયા લોકશાળા ઊભી કરવામાં જોડાઈ ગયા. મારી સાથે એક બીજા મારા મિત્ર શ્રી રસિકભાઈ મહેતા હતા. અમે બંને જણાએ લોકશાળા શરૂ કરવા નિર્ણય કર્યો. મેં મારા જીવનમાં કોઈ દિવસ શિક્ષણનું કામ કરીશ તેવી કલ્પના પણ કરેલ નહીં ; પણ મારે આવી પડેલું કામ કેવી રીતે પાર પાડવું તેની તાલીમ લોકભારતીના શિક્ષણકાળ દરમિયાન મળેલી. શિક્ષણ મારો વિષય ન હતો અને ભણતરમાં હું મધ્યમ હતો, છતાં આત્મવિશ્વાસથી મેં ભૂતડિયા લોકશાળામાં શિક્ષણનું કામ શરૂ કર્યું. શરૂઆતમાં ૨૦ વિદ્યાર્થીઓ હતા. લોકશાળાનું સ્થાન એવી જગ્યાએ હતું કે આજુબાજુ કોઈ ગામડાં ન હતાં. જે લોકો હતા તે પણ આદિવાસી જેવા હતા. વાઘરી, ભટકતા અને રખડતા લોકો હતા. અને થોડાક માલધારીઓ પશુઓ સાથે વસેલા હતા. આ લોકોને ભણાવવાનું અને સુધારવાનું વગેરે કામ શિક્ષણની પ્રવૃત્તિ સાથે કરવાનું હતું. ગામડાંમાંથી આવેલા વિદ્યાર્થીઓ આવા બિહામણા ડુંગરો અને જંગલોમાં રહેવા ટેવાયેલા ન હતા. આવા વિદ્યાર્થીઓને શિક્ષણના કામ સાથે અને બીજી પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થામાં જોડી રાખવા તે ઘણું અઘરું કામ હતું. પણ લોકભારતીની અનેક પ્રવૃત્તિઓ અમને આ શિક્ષણનું કાર્ય કરવામાં ઉપયોગી નીવડી. અમે વિદ્યાર્થીઓ સાથે જંગલમાં હતા , સાથે રહેતા અને બધી પ્રવૃત્તિઓ સાથે કરતા જેથી અમે વિદ્યાર્થીઓને તેમના શિક્ષણકાર્યમાં પકડી રાખી શક્યા. ઘણી વાર આ વિદ્યાર્થીઓ રાતના બિહામણા વાતાવરણથી ઝબકીને ડરી જતા. કેટલાક વિદ્યાર્થીઓ અમને પૂછ્યા વગર ઘેર ચાલ્યા જતા. આવા વિદ્યાર્થીને સમજાવીને અમે પાછા લઈ આવતા. તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ આજે લોકભારતીના ગ્રેજ્યુએટ બન્યા છે. જિલ્લા કક્ષાના ખેતીવાડી અધિકારી પણ થયા છે. લોકશાળા ચલાવતાં ચલાવતાં , લોકભારતીમાં રહ્યા તે દરમ્યાનનો જે પ્રત્યક્ષ કામ કરવાનો અનુભવ મેળવેલો તેવો જ અનુભવ અને તાલીમ, જવાબદારી સાથે કામ કરવામાં લોકશાળા દ્વારા મને મળ્યો. આ લોકશાળામાં માલધારીઓના , ખેડૂતોના , આજુબાજુનાં ગામડાંઓમાં ચોરીઓના મારામારી વગેરેના પ્રશ્નો અમારી પાસે આવતા.

બીજો પણ એક પ્રસંગ બન્યો. અમારી વાઘરી વસાહતમાં બેત્રણ વાઘરી ભાઈઓએ ડુંગરની રાજસ્થળીના ખેડૂતોની બાજરીનાં ડૂંડાં કાપીને તેમના મકાનમાં રાખ્યાં. બીજી પણ નાનીમોટી ચોરીઓ કરાવેલી. આ લોકો ચોરી કરતા બંધ થાય અને કામ કરે તેવી સમજાવટનો અમે પ્રયત્ન કરેલો. પણ એક વખત અંદરોઅંદર વાઘરી કુટુંબોમાં ભારે મોટો ઝઘડો થયો અને ખૂબ મારામારી થઈ. મારા જીવનમાં માણસો આવી રીતે લડે તે જોવાનો પહેલો પ્રસંગ હતો. બે-ત્રણ બહેનોને મારેલી તેથી મેં ફોજદારને બોલાવીને આ વાઘરી ભાઈઓને શિક્ષા કરાવેલી. ત્યાર પછી સમાધાન પણ કરાવેલું.

એક વખત ભાવનગરથી રાત્રે ૧૨ વાગે ઘોડાગાડીમાંથી ઊતર્યો. જે વાઘરી ભાઈઓને મેં માર મરાવેલો તે જ વાઘરી ભાઈઓ ત્યાં ઊભેલા. મને મનમાં બીક લાગી કે હવે મારું આવી બન્યું. તુરત જ લોકભારતીના અને પૂ. નાનાભાઈને યાદ કર્યા. બહુ હિંમતપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક મેં તે લોકોને બોલાવ્યા અને કહ્યું કે અલ્યા, ક્યાં જવાના છો. તે લોકોએ કહ્યું "બાપા , અમે તો લોટ દળાવવા આવ્યા છીએ." મેં કહ્યું કે "ચાલો , આ મારો સમાન ઉપડાવવામાં મદદ કરો અને મને ઘેર મૂકી જાઓ. તે લોકો ઘેર મૂકી ગયા. ત્યારથી મારા જીવનમાં મોટો પલટો આવ્યો. સાચી રીતે લોકોની વચ્ચે કામ કરીએ અથવા રાગદ્વેષ વગર કોઈ કામ કરતાં કોઈને સજા થાય તો પણ ડરવાની કે બીકની જરૂર નથી. આ પ્રસંગ ઉપરથી મારા મનમાં શ્રદ્ધા વધી.

ભૂતડિયા સંસ્થાના ગોસદનની હજાર જેટલી ગાયો હતી. તેની દસ-બાર દૂઝણી ગાયોનું દૂધ ગોવાળો બીડમાં ચરાવવા જતા ત્યારે દોહી લેતા . પરિણામે વિદ્યાર્થીઓને દૂધ ન મળતાં , ફરિયાદ આવી. તપાસ કરતાં તે વાત સાચી નીકળી તેથી એક ગોવાળને છૂટો કર્યો. આથી અન્ય ગોવાળો સંપીને હડતાલ પર ઊતર્યા. બીજે દિવસે ગાયો ચારવાનો પ્રશ્ન ઉભો થયો. આ કામ શ્રી જિતુભાઈ સંભાળતા; તેમણે મને વાત કરી , ચર્ચા કરીને નિર્ણય લીધો કે શિક્ષણકામ બંધ કરવું અને થોડા મોટા વિદ્યાર્થીઓ સાથે ગાયો ચારવા જવું ! આ પ્રમાણે થતાં આસપાસ તેની ભારે અસર થઈ અને ગોવાળોએ હડતાલ પાછી ખેંચી !

આ દિવસોમાં ગામડામાં કામ કરતાં કરતાં ઘણા અનુભવો થયેલા. એક દિવસ ભાવનગરથી હરિજન સેવકસંઘના મંત્રી અમારી સંસ્થામાં આવ્યા અને કહ્યું કે ભંડારિયામાં એક હરિજનને એક ગીરાસદારે માર માર્યો છે. તમારે અમારી સાથે આવવાનું છે. હું તેમની સાથે ભંડારિયા ગયો. ત્યાંના ગરાસદારને અમે મળ્યા. તેમને સમજાવ્યા કે હરિજન કે નાના માણસ બધા સરખા છે. હવે કોઈની દાદાગીરી ચાલશે નહીં. દરબારો સમયને પારખી ગયા અને હરિજનો સાથે સમધાન થયું.

# વિવિધ ક્ષેત્રે કાર્યાનુભવો

આ રીતે આજુબાજુનાં ગામોમાં અનેક કામોને કારણે અને સદ્ ભાવનું વાતાવરણ ઊભું થવાના કારણે મને લોકલ બોર્ડમાં જિલ્લા કક્ષાએ ટિકિટ આપવામાં આવી. હું લોકલ બોર્ડના સભ્ય તરીકે ચૂંટાયો. તેમાં લોકલ બોર્ડની કમિટીઓની રચના કરવાના પ્રસંગે મારું નામ બાંધકામ સમિતિમાં મૂકવામાં આવ્યું. તેમાં કેટલાક સભ્યોએ વિરોધ ઉઠાવ્યો કે જુનિયર સભ્યોને બાંધકામ કમિટીમાં સ્થાન અપાય છે તે વ્યાજબી નથી. મેં કૉંગ્રેસના પ્રમુખને કહ્યું કે મને કોઈ પણ સમિતિમાં મૂકો, હરકત નથી. આ વાત શ્રી બળવંતરાય મહેતા પાસે પહોંચી. તેમણે મને મળવા બોલાવ્યો અને કહ્યું કે તમારે જિલ્લા ગ્રામ પંચાયત મંડળમાં સભ્ય તરીકે કામ કરવાનું છે. આ રીતે કોઈનો પણ વિરોધ હોય તો કામ છોડવાથી કામ સામેથી મળે છે તે વાત લોકભારતીના શિક્ષણમાંથી અમને મળેલી. તેનો પ્રત્યક્ષ અનુભવ મને થયો.

૧૯૬૦માં ભારત સરકારની જે આઠ રૂરલ ઇન્સ્ટિટ્યુટ આખા દેશમાં હતી તેમાંથી થોડાક વિદ્યાર્થીઓને ગ્રામપ્રદેશની પ્રવૃત્તિઓ માટે તાલીમ આપવી અને કામ આપવું તેવો નિર્ણય થયેલો. તેના અનુસંધાને દરેક રાજ્યમાં એક ફિલ્ડ આસિસ્ટંટની જગ્યા ઊભી થઈ. તેમાં ગ્રામપ્રદેશની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકભારતીના સ્નાતકોનાં નામ સરકારને મોકલેલાં તેમાં મારી પસંદગી થઈ તેથી મને ૧૯૬૦-૬૧માં ભારત સરકારના સામૂહિક વિકાસ ખાતા દ્વારા ફિલ્ડ આસિસ્ટંટ તરીકે કામ કરવાની તક મળી. આ કામનું ક્ષેત્ર ઘણું વિશાળ હતું. ગુજરાતમાં પ્રજાના પ્રતિનિધિઓ અને સરકારી કર્મચારીઓ તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષા સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં કેવી રીતે કામ કરે છે તે જોવાનું અને તેમને મળવાનું બનતું . આ ઉપરાંત ભારત સરકારના સામૂહિક વિકાસ ખાતા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓમાં પણ કામ કરવાનું બનતું. આ કાર્ય દરમિયાન સમગ્ર દેશ કક્ષાએ મસૂરીમાં અને બીજાં સ્થળોએ ગ્રામ વિસ્તારમાં તાલીમનો બહુ મોટો અનુભવ મેં મેળવ્યો. આ કામ પાછળ ખૂબ જ મહેનત અને સમય આપેલ. આ બધા કારણે ૧૯૬૨માં ફાર્મ યુથ એક્સચેઈન્જમાં મારું નામ અપાયું. આમ મારે છ મહિના યુ.એસ.એ જવાનું બન્યું.

અમેરિકા જતા પહેલાં પાલિતાણાના મિત્રોએ શુભેચ્છારૂપે વિદાય સમારંભ ગોઠવેલા. આ પ્રસંગે મુ. શ્રી મૂળશંકરભાઈ પણ આવેલા. કેટલાક મિત્રોએ ભાષણ કરતાં કહ્યું કે દલસુખભાઈને અંગ્રેજીમાં બોલવાની મુશ્કેલી પડશે. ત્યારે મારા મનમાં મૂંઝવણ પેદા થયેલી. પણ તે વખતે મુ. શ્રી મૂળશંકરભાઈએ મારામાં શ્રદ્ધા મૂકેલી અને વિદાય આપતાં કહેલું કે લોકભારતીમાં દલસુખે જે રીતે શિક્ષણ મેળવ્યું છે અને આત્મશ્રદ્ધાથી આગળ વધેલ છે તેથી મને ખાતરી છે કે અંગ્રેજી ભાષાની

મુશ્કેલી તેને પડશે નહીં. તે રસ્તો કાઢશે તેવી મને શ્રદ્ધા છે. આપણા દેશની સારી છાપ ઊભી કરશે અને સફળતાપૂર્વક પ્રવાસ કરીને આપણી વચ્ચે પાછા આવશે. તેમના શબ્દોએ મારા પ્રવાસમાં ખૂબ હિંમત આપી. મને પ્રવાસ દરમિયાન અંગ્રેજી ભાષાની મુશ્કેલી નડી નહીં. મને યાદ છે કે મારે એક વખત યુનિવર્સિટીમાં અમેરિકાના વિદ્યાર્થીઓને વાર્તાલાપ આપવાનો હતો. તેમાં હિંમતથી મારે જે કહેવાનું હતું તે મેં સારી રીતે કહ્યું ; એટલું જ નહીં પણ તેથી આપણા દેશની સારી છાપ ઊભી થઈ. લોકભારતીમાં જાતે કામ કરવાનું, કામ કરવામાં નાનું કામ છે કે મોટું કામ છે તેવો ભેદભાવ નહીં રાખવો, વગેરે બાબતો જે જીવનમાં વણાયેલી હતી તે ખૂબ જ ઉપયોગી બની. તેથી આજે પણ અમેરિકાનાં કેટલાંક કુટુંબો સાથે કુટુંબ કરતાં પણ વિશેષ સંબંધો બંધાયા છે . તેનું કારણ મને એ લાગે છે કે હું જે રીતે બોલ્યો તેનું પ્રતિબિંબ , મારો ભારતીય પોષાક, ખાદીનાં વસ્ત્રો, કોઈ જાતનું વ્યસન નહીં વગેરે દ્વારા પડ્યું હોય તેમ લાગે છે. તેની સાથે લોકભારતી દ્વારા ગામડાંમાં જે પાયાનું કામ થઈ રહ્યું છે તેની વાતોથી લોકોને વિશેષ આકર્ષણ રહેલ. તેમાંથી કેટલાંક કુટુંબો લોકભારતીમાં આવીને રહ્યાં અને તેમને લાગ્યું કે લોકભારતી એક અનોખી સંસ્થા છે.

૧૯૬૩માં અમેરિકાથી પાછા ફર્યા પછી એક દ્વિધા ઊભી થયેલી કે નોકરી કરવી કે ગામડાંમાં કામ કરવું ? પણ પાલિતાણાની આજુબાજુ સહકારી પ્રવૃત્તિ , પંચાયત, શિક્ષણની પ્રવૃત્તિ દ્વારા ગામડામાં કામ કરવું એમ મેં નિર્ણય કર્યો. ૧૯૬૩માં વળુકડ ગામના લોકોએ અમેરિકાના અનુભવો કહેવા માટે મને બોલાવેલ. તેની વાત કરતાં એ લોકો પર ભારે મોટી અસર થઈ અને લોકોએ કહ્યું કે અમારે ગામે એક લોકશાળા શરૂ કરો . તેથી અને ગામ લોકો પાસે જમીનની માગણી મૂકી. ગામલોકોએ પણતેમની શક્તિના પ્રમાણમાં સારો એવો સાથ આપ્યો. તેમાં આજે પણ તે વખતના સરપંચ શ્રી ભવાનભાઈ સાંકડાસરિયા અને કુરજીભાઈએ ખૂબ જ સહકાર આપેલો , તે હું ભૂલી શકું તેમ નથી. આ સંસ્થા શરૂ કરવામાં પણ શરૂઆતમાં ઘણી કસોટી આવી. આર્થિક રીતે મુશ્કેલી તો હતી જ, પણ રાજકીય રીતે એક સામ્યવાદી બિરાદરે વ્યક્તિગત રીતે મને સંડોવવાનો પ્રયત્ન કરેલો. સંસ્થાને જે જમીન આપવાનું ગામલોકોએ ઠરાવેલું તે જમીન હરિજનોને આપવવા માટે આ બિરાદરે પ્રયત્ન કર્યો. આ જમીન કાયદેસર મળે તે પહેલાં ક્લેક્ટરની સૂચનાથી આ જમીન મેં ખેડાવી નાખી અને આ જમીનમાં બાજરાનું વાવેતર કરાવ્યું.આ જમીન કાયદેસર મેળવવા માટે પ્રયત્ન ચાલુ હતો. વહીવટીતંત્રની ડખલ અને હરિજનોની સતત માગણીના કારણે અમને જમીન સોંપવામાં ઘણો વિલંબ થયો. પણ તે પહેલાં જમીન અમે વાવી દીધી તે ભૂલ થયેલી. આનો લાભ લઈને આ સામ્યવાદી બિરાદરે બાજરામાં ભેલાણ કરવાનું કાવતરું કર્યું છે તેની મને ગંધ આવી.

તેથી આ અંગે શું રસ્તો લેવો તેની મને ચિંતા થયેલી , કારણ કે જમીન તો અમને સરકારે સોંપી ન હતી પણ અમે તેનું ખેડાણ કરીને વાવેતર કરેલ. અને જો ભેલાણ કરે તો અમે કાયદેસર કેસ કરી શકીએ નહીં. હરિજનો આ જમીનનો કબજો લઈ લે તેવી સ્થિતિ ઊભી થવાની હતી. તો શરૂઆતમાં જ અમારી સંસ્થાને પાછું પડવું પડે. આ બધા વિચારથી હું ભારે મુશ્કેલીમાં મુકાયો હતો. રાત્રે ઊંઘ પણ આવતી નહીં. આખરે વહેવારુ રસ્તો કાઢવા એક ઉપાય મળ્યો અને ગ્રામ પંચાયત પાસે એક ઠરાવ કરાવ્યો કે જે જમીન સંસ્થાને આપેલી છે તે જમીન ગ્રામ પંચાયતે ગોચરની પ્રવૃત્તિ કરવા માટે લોકશાળાને આપી છે અને તેમાં બાજરીનું વાવેતર કરવું અને તેની બધી કામગીરી વિદ્યાર્થીઓ કરે. તેથી આ ભેલાણ થાય તો ગ્રામ પંચાયત કેસ કરી શકે. જ્યારે વિદ્યાર્થીઓએ મને ભેલાણ થયાના ખબર આપ્યા ત્યારે મને ભારે આઘાત લાગ્યો. પણ તેનો સામનો દૃઢતાપૂર્વક ગામના લોકોએ કરવો અને સામેના લોકોને અટકાવવા દમદાટી આપવાનો પણ પ્રયાસ કરવો અને પોલીસ કેસ કરવો પડે તો પણ તે કરવા ગામલોકો પાસે નિર્ણય કરાવ્યો. આમ શરૂઆતની કસોટીમાંથી પસાર થયા.

આ રીતે તાલુકાની સહકારી પ્રવૃત્તિઓ ઊભી કરતાં પણ ઘણી મુશ્કેલીઓ આવેલી. બધી પ્રવૃત્તિ ગ્રામ કક્ષાએ કરવી. તાલુકા પંચાયતના પ્રમુખપદે પ્રમુખપદે કે કોઈ હોદ્દા માટે નહીં ઊભા રહેવાનો મેં નિર્ણય કર્યો. આ નિર્ણયથી તાલુકામાં એક નવી શક્તિ ઊભી થઈ. પણ આ દિવસોમાં ગુજરાત રાજ્યમાં પંચાયતી રાજ શરૂ થયું અને તેમાં પ્રજાના પ્રતિનિધિઓ, ગામપંચાયતના સભ્યો, સરપંચો અને જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓને તાલીમ આપવાનું કામ લોકભારતીને સોંપ્યું. આ કામ કરવા માટે મુ. શ્રી મનુભાઈએ મને બોલાવ્યો અને કહ્યું કે આ કામ તારે કરવાનું છે. મેં પહેલાં કહ્યું કે મેં તાલુકાની જુદી જુદી પ્રવૃત્તિઓ શરૂ કરી છે તેથી આ બધું છોડીને આવવા માટે મને મુશ્કેલી પડે. પણ મુ. શ્રી મનુભાઈના આગ્રહથી હું ના કહી શક્યો નહીં . આ રીતે ૧૯૬૩માં પંચાયતરાજ તાલીમ કેન્દ્ર શરૂ કર્યું. લોકભારતીમાં એક વિદ્યાર્થી હતો અને ૧૯૬૩માં તાલીમ કેન્દ્રના આચાર્ય તરીકે આવવાનું થયું તે મારી કલ્પના બહારનું હતું.

લોકભારતી પંચાયતરાજ તાલીમ કેન્દ્રના આચાર્ય ઉપરાંત આજુબાજુના ગ્રામપ્રદેશના સામાજિક પશ્નો અને અન્ય ઊભા થતા પ્રશ્નોનું કામ પણ મને સોંપ્યું . તેમાં પણ મારી કસોટી થઈ . સણોસરા ગામ વચ્ચે જ ડાવરાના કુટુંબના છોકરાને મારી નાખવામાં આવ્યો. તે ફરિયાદ મનુભાઈ પાસે આવી અને તે કામ મને સોંપ્યું. સામાવાળા લીંબાણીભાઈઓ મારા સગા હતા. તે લોકો મારી પાસે રાત્રે અઢી વાગે આવ્યા અને કહ્યું કે આપણે તો બધા સગા છીએ, તેથી તમારે આ કામમાં બહુ

રસ લેવો નહીં. મેં બહુ સ્પષ્ટતાપૂર્વક અને નીડરતાપૂર્વક કહ્યું કે આમાં સગાં-વહાલાંનું કાંઈ હોઈ શકે નહીં. લોકભારતીએ મને જે કામ સોંપ્યું છે તેમાં ડાવરા કુટુંબના છોકરાનું જે ખૂન થયું છે તેમને જ મારે મદદ કરવાની છે. તમને હું મદદ કરી શકું નહીં. મારાથી આ કામ ન થઈ શકે તેમ હોય તો મારે સંસ્થાને ના પાડવી જોઈએ, પણ હું સંસ્થાને અંધારામાં રાખીને તમને મદદ કરી શકું નહીં. આ રીતે કૉર્ટનો ચુકાદો આવ્યો ત્યાં સુધી આ કામ મેં કરેલ અને સામેના લોકોને સજા થયેલી ; છતાં લીંબાણી કુટુંબમાં પણ મારા સંબંધો સારા રહ્યા હતા. મારી કામ કરવાની પદ્ધતિથી તેમનામાં પણ પરિવર્તન અને સદ્ ભાવ લાવી શક્યો તેનો મને આનંદ થયેલો.

- **કેટલાક ખાસ પ્રસંગો**

ગામના માલધારીઓ , ખેડૂતો અને હરિજનો વચ્ચેના કે આજુબાજુનાં ગામડાંના ખૂનખરાબાના જે પશ્નો બને તે અંગે મારે ગામડાંઓમાં અવારનવાર જવાનું થતું ત્યારે પણ કોઈ કોઈ વખત મુશ્કેલીઓ તો આવતી. એક પ્રસંગ યાદ આવે છે કે ગજાભાઈની વાવડી ગામના એક ખેડૂતની જુવાન દીકરીને તેના ગામના માથાભારે ગરાસદારનો દીકરો હેરાન કરતો હતો. તે વાત છોકરીએ તેના ભાઈને કરી. તે ભાઈ ગામના તે ગરાસદારને કહેવા ગયા કે તમારો દીકરો આ રીતે મારી બહેનને હેરાન કરે છે. ત્યાર પછી બીજા જ દિવસે આ ભાઈને મારવામાં આવ્યા. તે મારી પાસે આવેલા. તે ગરાસદારની કોઈ જાતની શેહશરમ રાખ્યા વગર પોલીસ કેસ કરાવ્યો અને છેવટે ગરાસદારને સમાધાન કરવું પડ્યું. પણ એક મહિના પછી ગરાસદારે ખેડૂતનું ખૂન કરાવ્યું. લોકભારતીમાં શ્રી મનુભાઈને ખબર આપ્યા. મુ. શ્રી મનુભાઈએ મને ત્યાં જવાનું કહ્યું. અમે કેટલાક કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ સાથે તે ગામમાં ગયા. ગામમાં ચકલું પણ ફરકે નહીં તેવું બિહામણું વાતવરણ અમે જોયું. જે ખેડૂતનું ખૂન થયેલું તેના ઘેર પણ કોઈ ન જઈ શકે તેવું વાતાવરણ હતું. આવા વાતાવરણમાં અમે પહોંચ્યા. ખેડૂતને આશ્વાસન આપ્યું. પોસ્ટમોર્ટમથી માંડી સ્મશાનયાત્રા સુધીની બધી વિધિ કરાવી અને ગામલોકોને હિંમત આપી. આ સ્થિતિમાં માથાભારે તત્વોએ અમને મૌખિક અને લેખિત જાસાચિઠ્ઠી આપી કે તમે અહીં આવશો તો તમારી પણ આ ખેડૂતના જેવી દશા થશે. પણ અમે ડગ્યા નહીં પણ શ્રદ્ધાથી જુબાનીઓ આપી-અપાવી આખો કેસ તૈયાર કરેલ. પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં પાંચ વર્ષ સુધી કામ કર્યું. તેમાં હજારો સરપંચોને અને ગ્રામ પંચાયતનાસભ્યોને અને લોકોના અન્ય કેટલાય પ્રતિનિધિઓને તાલીમ આપી.

એક બીજો પ્રસંગ યાદ આવે છે. એકવાર તાલીમકેન્દ્રમાં એક આગેવાન સરપંચે કહ્યું કે અમે આ વાસણ ઊટકવાના નથી, તેમનાં વાસણ અમે હાથે ઊટકી નાખ્યાં અને રાત્રે તેમની સાથે બેઠા

અને સમજાવતાં કહ્યું કે આપણા ઘરમાં વાસણ કોણ ઊટકે છે જે વાત અમને અમારા ગૃહપતિએ કહી હતી તે જ વાત તેમને સમજાવી. તેની ભારે મોટી અસર થઈ. બીજા દિવસે સફાઈનું, વાસણનું, પાણી ભરવાનું, પાયખાનાની સફાઈ વગેરેનું કામ બધી જુદી જુદી ટુકડીઓએ સ્વીકારી લીધું . આ રીતે અમને મળેલું શિક્ષણ અમને કસોટીકાળમાં ઉપયોગી થતું અમે અનુભવ્યું. પંચાયતીરાજ તાલીમકેન્દ્રમાં લોકભારતી સંસ્થાનો વ્યાપ વધારવાનું કામ મોટા પાયા પર થતું. તેથી આજે લોકભારતીમાં શિક્ષણ પામેલા કેટલાય સરપંચોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. કેટલાકે બીડી છોડી છે. સોનાનાં ઘરેણાં ન પહેરવાં. મરણ પછી કારજ ન કરવું. ખોટા રિવાજોમાં ન પડવું, કેટલાંક પાયાનાં વ્રતો જેવાં કે ખાદી પહેરવી, હરિજનો અને નાનામોટાના ભેદ છોડવા વગેરે અસરોને કારણે આ તાલીમકેન્દ્ર ગુજરાતભરમાં ગણનાપાત્ર બન્યું છે.

- **રાજ્યની ધારાસભા દ્વારા સક્રિય રાજકારણમાં**

આમ, સંસ્થાનાં અને જાહેરજીવનમાં કામ કરતાં કરતાં ૧૯૬૭માં જિલ્લા કૉંગ્રેસે મને ધારાસભાની ટિકિટ આપી અને હું ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યો. ધારાસભામાં મારી સાથે મુ. શ્રી મનુભાઈ પણ હતા તેથી મને ઘણી હૂંફ રહેતી. ધારાસભાની શરૂઆતના ત્રણ ચાર મહિનામાં જ મારી કસોટી શરૂ થઈ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્થળના પ્રશ્ન અંગે ભાવનગર જિલ્લા કૉંગ્રેસ અને મુખ્યમંત્રી વચ્ચે વિવાદ થયો. યુનિવર્સિટીના સ્થળના પ્રશ્ન અંગે થયેલા અન્યાય સામે ભાવનગર જિલ્લાના બધા ધારાસભ્યોએ રાજીનામું આપવું એવું વિચારાયું. મારી પાસે રાજીનામું માગવામાં આવ્યું તેથી મને મૂંઝવણ ઊભી થઈ. આ અંગે સલાહ લેવા હું મણાર ગયો ત્યારે મુ. શ્રી મનુભાઈએ કહ્યું કે તારે જે નિર્ણય કરવો હોય તે તારા વિસ્તારના મતદારો-આગેવાનો અને ટેકેદારોનો મત જાણીને લેવો. સાથે એમ પણ કહ્યું કે ધારાસભામાં તમે કોઈ એક પ્રશ્ન માટે ચૂંટાયા નથી. લોકોના અને ગુજરાતના વિકાસના અનેક પ્રશ્નો અંગે કામ કરવાનું છે. આ વિચાર મેં ધારાસભ્યોને અને કૉંગ્રેસ પ્રમુખને સમજાવ્યો કે યુનિવર્સિટીના પ્રશ્ન અંગે રાજીનામું આપવાની જરૂર નથી ; પણ અપક્ષ તરીકે બેસીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્થળ માટે લડત આપવી. તેમાં હું પણ મારો પૂરેપૂરો ટેકો આપીશ. આ રીતે વિધાનસભામાં અપક્ષ તરીકે બેસવાની મેં જાહેરાત કરી અને મારા નિવેદનમાં જણાવ્યું કે:

1. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્થળની પસંદગીમાં ભાવનગરને જે અન્યાય થયો છે તે માટે હું સરકાર સામે તાકાતથી લડત આપીશ.

2. ગુજરાત સરકારને ઉથલાવવાનું કાવતરું કોઈ કરશે તો તેનો હું વિરોધ કરીશ અને ગુજરાત સરકારને ટેકો આપીશ.
3. હું ગુજરાતની વિધાનસભામાં અને રાજ્યના બીજા વિકાસના પ્રશ્નોમાં અને જાહેર હિતના પ્રશ્નોમાં સરકારને અને મુખ્યમંત્રીને ટેકો આપીશ.

આ નિવેદનથી મારા જાહેર જીવનમાં એક પ્રતિભા ઊભી થઈ એવું મને લાગ્યું.

તે વખતથી શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈની સરકાર માત્ર એક વધારાના મત પર ચાલતી હતી. તેમાં મતદાન થવાનું હતું. તેની આગલી રાત્રે સ્વતંત્ર પક્ષના એક આગેવાન ૨-૩૦ વાગે મારા રૂમમાં આવ્યા. સવારે રવિવાર હતો. ધારાસભામાં રજા હતી. મને કહ્યું કે તમારે એક ફાર્મ ઉપર સ્વતંત્રપક્ષના એક આગેવાનને મળવા આવવાનું છે. સાથે વાત કરી કે હવે શ્રી હિતેન્દ્રભાઈની સરકાર ચાલવાની નથી. તમારા જેવા અમેરિકા જઈ આવેલા આગેવાન ખેડૂતના દીકરાને અને યુવાન માણસને સારી તક આપવા જોઈએ. તમને નાયબ મંત્રી બનાવવાની વાત ચાલે છે. કોઈ આર્થિક મુશ્કેલી હોય તો પણ મદદ થઈ શકે તેમ છે. આ બધી વાત કર્યા પછી મેં તેમને મક્કમતાપૂર્વક કહ્યું કે "તમારી વાત બંધ કરો, અને મારા રૂમમાંથી તમે જઈ શકો છો !" તેમણે જતાં જતાં કહ્યું કે "તમને આવી તક મળશે નહીં. પાછળથી તમને પસ્તાવો થશે !"

ત્યાર પછી કોંગ્રેસના ભાગલા પડ્યા અને પક્ષપલટાનું વાતાવરણ દિલ્હીથી શરૂ થયું. પૈસા ભરીને આવતી નાનીમોટી બૅગો પક્ષપલટો કરનાર ધારાસભ્યને આપવામાં આવતી. આ બધું મેં નજરે જોયેલું. પણ ઉપરના બનાવની અને મક્કમતાની છાપ જાહેર જીવનમાં એ ઊભી થઈ કે આવા કલુષિત વાતાવરણમાં કોઈ મને મળવાની કે આવી વાત કરવાની હિંમત ન કરી શકતું. તેથી મારી પ્રતિભા યુનિવર્સિટીના પ્રશ્નને કારણે અને આવા બનાવોને લીધે જાહેર-જીવનમાં અસરકારક બની. ગુજરાતના જાહેર જીવનમાં મારી ગણના થવા માંડી. આ અસર કાયમ માટે રહી છે. ધારાસભાના સભ્યપદ દરમ્યાન મને કામ કરવાની અનેક તકો સાંપડી. ઇરિગેશન બોર્ડ , યૂથ બોર્ડ, અંદાજસમિતિ અને આવી ઘણી સમિતિઓમાં ગુજરાતના ફલક ઉપર કામ કરવાનું બન્યું.

૧૯૭૨થી ૧૯૭૫ના ગાળામાં હું ધારાસભ્ય ન હતો. પણ આ વર્ષો દરમ્યાન ગુજરાતમાં રાજકીય અંધાધૂંધીની સ્થિતિ પેદા થઈ હતી. તેમાં ૧૯૭૩-૭૪માં દુષ્કાળની પરિસ્થિતિ પેદા થઈ તે વખતે લોકભારતી દ્વારા દુષ્કાળની પ્રવૃત્તિમાં કામ કરવાની મને તક મળેલી. ગુજરાત સંકટ નિવારણ સમિતિ દ્વારા અને તેની મદદથી હજારો માણસોને ઘઉં, બાજરો, જુવાર વગેરે આપી શકતા અને આવી પ્રવૃત્તિમાં ખૂબ રચ્યાપચ્યા રહેવાથી રાજકારણમાં નહીં જવું તેવો વિચાર મેં કરેલો.

પરંતુ ૧૯૭૩-૭૪માં સણોસરા પાસેના ગઢુલા ગામે માથાભારે અને હદપાર થયેલ અસામાજિક ગુંડાઓ ગઢુલા ગામના કેટલાક ખેડૂતો પાસેથી નાણાં ઉછીના લેવાને બહાને દમદાટી આપીને પૈસા કઢાવતા હતા. આ ઉપરાંત પોતે વેપાર કરતા અને તેમાં જે ખેડૂત માલ ન આપે તેને પણ માર મારતા અને બીજી અનેક રીતે હેરાન કરતા હતા. તેમાં એક વખત ગઢુલાના ખેડૂતને લાફો મારેલો. આ પ્રસંગ ગામના લોકોથી સહન ન થતાં બધા ભેગા થયા અને મુ. શ્રી મનુભાઈને તથા મને મળવા આવ્યા. આ પ્રશ્ન ઉકેલવાની જવાબદારી મેં લીધી અને હું તે ગામમાં ગયો. ગામના ચોરાની વચ્ચે બધા ખેડૂતોની જુબાની લીધી અને પોલીસને બોલાવી અસામાજિક અને ગુંડાગીરી કરનાર માણસો ઉપર કેસ કર્યો. આ પ્રસંગથી અને આવા નાનામોટા કામની મને વધારે અગત્ય દેખાતી હતી. જાહેર કામ કરવા માટે સરકારી અમલદારો અને રાજ્યમાં ઓળખાણની જરૂર રહેતી હોય એમ મને લાગ્યું. કેમ કે તે દ્વારા આવા પ્રશ્નો ઉકેલવાનું સરળ બનતું હોય છે. તેથી ૧૯૭૫માં ચૂંટણી આવી ત્યારે મારે ઊભા રહેવાની ઇચ્છા ન હોવા છતાં પણ પાલિતાણાના લોકોએ દબાણ કરીને મને પાલિતાણામાંથી ચૂંટણીમાં ઊભો રાખેલ. કેટલાંક તત્વોએ રાજકીય સ્વાર્થની દૃષ્ટિએ મને ગમે તે રીતે હરાવવો તેવો નિર્ણય કરેલ. ચૂંટણીની પદ્ધતિઓ પણ બદલાયેલી. કેટલાક મતદારોના ગ્રૂપે અને કેટલાંય સ્થળોએ અસામાજિક તત્વોએ પૈસા લઈને ચૂંટણીમાં નવી નવી તરકીબો કરેલી અને તેમાં મને ફસાવવાનો પ્રયત્ન કરેલ. ચૂંટણીના પાંચ-છ દિવસનો સમય હતો ત્યારે કેટલાક ટેકેદારોને એમ લાગ્યું કે ચૂંટણીમાં પૈસો ખર્ચ્યા વગર કે દારૂ પાયા વગર ચૂંટણી જીતી શકાશે નહીં. તેથી જવાબદાર બે-ત્રણ મિત્રો મને મળવા આવ્યા અને કહ્યું કે જો આપણે દારૂ અને પૈસાનું ગોઠવશું તો આપણને સહેલાઈથી મત મળી શકશે. મેં કહેલું કે ચૂંટણીમાં હારી જઈએ તો ભલે, પણ પૈસા કે દારૂ પાઈને ચૂંટણી જીતવાનું મારાથી નહીં બની શકે. ઘણા મિત્રોને આ વાત કડવી અને અવ્યવહારુ લાગી પણ જેને મારા સ્વભાવનો પરિચય હતો તે મારી લાગણી સમજી શકેલા. ચૂંટણીમાં હું હાર્યો. તે વખતે અમુક મિત્રોએ કહ્યું કે દલસુખભાઈએ થોડોક સિદ્ધાંત છોડ્યો હોત તો ચૂંટણીમાં હારત નહીં. મને આ વાતનો જરાયે અફસોસ નથી!

૧૯૭૪ પછીના ગાળામાં ભાવનગર જિલ્લા સહકારી બેંકના પ્રમુખ તરીકે બિનપક્ષીય રીતે સહકારી પ્રવૃત્તિનો વિકાસ કરવો તે સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને જિલ્લામાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ કેટલાક મિત્રોને સાથે રાખીને કરવાનો પ્રયત્ન કર્યો. તેમાં શ્રી જશવંતસિંહભાઈ જાડેજાની સહકારી પ્રવૃત્તિમાં ઘણી ઊંડી સૂઝ ઉપયોગી બનતી એમ મારે કહેવું જોઈએ. અનેકવિધ સહકારી પ્રવૃત્તિઓમાંની એક સિદ્ધેશ્વર ખાંડનું કારખાનું જે કારણોસર તેનું લાયસન્સ રદ થયેલું અને માફીનો

ઉત્પાદકોને સારો લાભ મળે તે હેતુથી એક સહકારી પ્રોસેસિંગ યુનિટ બળવંતરાય મહેતાના નામે ઊભું કરવાનો પ્રયત્ન કર્યો. તેમાં કેટલાંક સ્થાપિત હિતોએ વેજિટેબલ કારખાનાની માગણી કરેલી. કેટલાક સ્થાપિત મૂડીવાદી ઉદ્યોગપતિઓ સામે ટક્કર ઝીલવા માટે અમારી ભારે કસોટી થયેલી. અમારા વકીલ શ્રી ચંદ્રકાંત દરૂ હતા. સ્થાપિત મૂડીવાદી તરફી વકીલે દલીલ કરી કે આ સહકારી પ્રવૃત્તિવાળાઓ પાસે પૈસા જ નથી. શેરભંડોળ પણ નથી. દરૂસાહેબે સલાહ આપી કે તમારે ૧૫ દિવસમાં ૨૫ લાખ રૂપિયાનું શેરભંડોળ બૅંકમાં જમા કરાવવાનું છે.

તેનું સર્ટિફિકેટ હાઈકોર્ટને આપવું પડશે. અમારી સામે એક પડકાર હતો તે મેં અને શ્રી જશવંતસિંહભાઈએ ઝીલી લીધો. મારે કહેવું જોઈએ કે ભાવનગર જિલ્લાની સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આગેવાનોએ અને ખેડૂતોએ ૩૦ લાખ રૂપિયાનું શેરભંડોળ ૧૫ દિવસમાં એકઠું કરી આપ્યું. તેથી સહકારી પ્રવૃત્તિ વિષેની અમારી શ્રદ્ધા વધી અને શ્રી જશવંતસિંહભાઈ , અંબાશંકરભાઈ વગેરે સહકાર્યકરો રૂ. ૬૫ લાખનું શેરભંડોળ સિદ્ધેશ્વર ખાંડના કારખાના માટે એકઠું કરી શક્યા. તેના ચેરમેન તરીકે શ્રી જશવંતસિંહભાઈની સેવાઓ ઘણી સારી હતી છતાં કેટલાંક વિઘ્નસંતોષી તત્વો દ્વારા અમને અનેક વિઘ્નો આવતાં.

એકવાર ખાંડના કારખાનાની સાધારણ સભામાં મારો અને શ્રી જશવંતસિંહભાઈનો જાન લેવો તેવું કાવતરું વિરોધીઓએ ગોઠવેલું ; પણ ઈશ્વરકૃપાએ અમે બચી ગયા. ખાંડના કારખાનાની સાધારણ સભા વિખેરી નાખવામાં આવ્યા પછી ખેડૂતોને સમજાવતા હતા કે ફરી વખત આપણે મળશું. આવો બધો પુરુષાર્થ કરવામાં આપણે ઘણું સહન કરવું પડે છે. તે સમયે મારા ઉપર હલ્લો આવતો એક પી. એસ. આઈ.એ જોયો અને મને કહ્યું કે દલસુખભાઈ તમારી ગાડી પાછળ પડી છે તેમાં તમે નીકળી જાઓ. ત્યારે મેં એમને કહ્યું કે જ્યાં સુધી મારા સાથીદાર ખેડૂતો અને મિત્રો સલામત રીતે ઘેર ન જાય ત્યાં સુધી હું અહીં ઊભો છું. મારું જે થવાનું હોય તે થાય !

સહકારી પ્રવૃત્તિમાં કેટલાક સાથીદારોએ આર્થિક વહેવારમાં સહકારી પ્રવૃત્તિની વિરુદ્ધમાં પ્રવૃત્તિ કરેલી. તેના કારણે તેમની હકાલપટ્ટી પણ અમે મક્કમતાથી કરલી. આમ કોઈની શેહશરમ રાખ્યા વિના સહકારી પ્રવૃત્તિને આગળ લઈ જવા માટે પૂરો પુરુષાર્થ ચાલુ રાખ્યો.

૧૯૮૦માં લોકસભાની ચૂંટણી આવી તેમાં અચાનક મુ. શ્રી મનુભાઈએ કહ્યું કે આપણે અમદાવાદ જવાનું છે. કેટલાક મિત્રોએ મને લોકસભામાં ઊભો રાખવા માટે આગ્રહ કર્યો અને આ વાત મુ. શ્રી મોરારજીભાઈ પાસે પહોંચાડી. હું અને મુ. શ્રી મનુભાઈ મળવા ગયા ત્યારે તેમણે કહ્યું કે આ કામ ઘણું મોટું છે અને તેમાં મારા કરતાં અનુભવી મુ. શ્રી મનુભાઈ કે મુ. શ્રી જયાબેન

જેવાને લેવાં જોઈએ. પણ ગારિયાધાર તાલુકાના કેટલાક મિત્રોનો આગ્રહ હું લોકસભામાં ઊભો ન રહું અને સ્થાનિક ધારાસભાની  ચૂંટણીમાં ઊભો રહું તેવો હતો. મારી પણ ઇચ્છા એવી ખરી કે ગુજરાતના અને જિલ્લાના સ્થાનિક માણસોને વધારે ઉપયોગી બનવું. પણ સામે બીજો એવો આગ્રહ હતો કે મારે લોકસભામાં જ ઊભા રહેવું. આ બાબત સારી એવી ખેંચતાણ ચાલી પણ મેં સામેથી આગ્રહ રાખ્યો કે શ્રી જયાબહેને ઊભા રહેવું તે વધારે ઉચિત ગણાશે.

૧૯૮૦ના મે મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ આવી. તેમાં સામાન્ય રીતે શિહોર-ગારિયાધાર વિસ્તારમાંથી મારે ઊભા રહેવું એમ વિચારાયું. ચૂંટણીમાં પરિચયની દૃષ્ટિએ અને મારા કામની દૃષ્ટિએ શરૂઆતમાં મને સહેલું લાગેલું , પણ પાછળથી કોંગીના ઉમેદવારે જે પૈસા અને સાધનોનો ઉપયોગ કર્યો તેના કારણે છેલ્લા દિવસોમાં ચૂંટણી ઘણી ભારે લાગી. તેમ છતાં હું ચુંટણી જીત્યો;

જોકે ધારાસભામાં કોંગ્રેસપક્ષની બહુમતી આવી. જનતા પાર્ટીના માત્ર ૨૧ સભ્યો ચૂંટાયા . તા. ૬ઠ્ઠી જૂનના રોજ ગુજરાતમાં માન્ય વિરોધપક્ષના નેતાની ચૂંટણી પક્ષીય રીતે જનતાપાર્ટીએ રાખેલ. મને તા. ૫ મીએ એવા સમાચાર આપવામાં આવેલા કે તમારું નામ વિરોધપક્ષના નેતા તરીકે ત્યાં લૉબિઇંગ કરે છે. તમારે પહોંચી જવું જોઈએ. આજે હું લખી રહ્યો છું ત્યારે વાત માન્યામાં ન આવે એવી છે, છતાં સત્ય હકીકત લખુ છું કે મારે વિરોધપક્ષના નેતા તરીકે કામ કરવાનું બનશે તેવી કલ્પના પણ કરી ન હતી. તેનાં બેત્રણ કારણો હતાં. મુખ્ય કારણ લોકભારતી સાથે અને ખાસ મુ. શ્રી મનુભાઈ સાથે સંકળાયેલ હોવાને કારણે મારે કંઈ પણ જવાબદારી લેવાની હોય ત્યારે લોકભારતીને પૂછવું જોઈએ. મુ. શ્રી મનુભાઈ કલકત્તા હતા તેથી તાત્કાલિક પૂછવું શક્ય ન હતું-અને બીજું વિરોધપક્ષના નેતા તરીકેની જવાબદારી ઘણી મોટી અને ગુજરાતના જાહેરજીવન માટે મહત્ત્વની ગણી શકાય. આવી જવાબદારી સંભાળવાનું કામ મારા માટે ઘણું મોટું ગણાય. બીજું , રાજકીય રીતે અને મારા સ્વભાવની દૃષ્ટિએ વિરોધ કરવાનું મને ફાવતું જ નથી. તેથી મને મનમાં એમ કે આ જવાબદારીમાં ન પડવું. વિશેષમાં ધારાસભાના ઉમેદવાર તરીકે જોકે હું જનતાપક્ષના નિશાન ઉપર ચૂંટણી લડેલો પણ અપક્ષ ઉમેદવાર તરીકે ઊભો હતો અને જનતા પાર્ટીએ તો મને ટેકો આપ્યો હતો. તેથી લોકભારતીની સૈદ્ધાંતિક ભૂમિકાને કારણે મારે મતદારોને પૂછવું જોઈએ. આ બધા કારણે તા. ૬ ઠ્ઠી જૂનના રોજ ૧૧ વાગે મિટિંગ હતી અને હું ઇરાદાપૂર્વક મોડો , લગભગ દોઢ વાગે પહોંચ્યો. મારે કહેવું જોઈએ કે મને આ વાત કહેતાં ગૌરવ અને આનંદ થાય છે કે અગાઉની ધારાસભાની મુદતમાં અને જાહેર જીવનમાં મેં જે મૂલ્યો સાચવેલાં અને જે સૈદ્ધાંતિક ભૂમિકા ઉપર

કામ કરેલું તેના કારણે જનતાપાર્ટીના આગેવાનોએ અને મારા સાથીદાર ધારાસભ્યોએ મારું નામ સ્વીકાર્યું અને વિરોધપક્ષના નેતા તરીકે હું ચૂંટાયો. જ્યારે મારું નામ જાહેર થયું ત્યારનો પ્રસંગ અને પળ મને અનેકવાર યાદ આવે છે. જનતાપાર્ટીના મુરબ્બીઓ અને મિત્રો તથા ધારાસભ્યોની હાજરીમાં મેં એટલું જ કહ્યું કે વિરોધપક્ષના નેતા તરીકે જનતાપાર્ટીએ અને ગુજરાત વિધાનસભા જનતાપક્ષના સભ્યોએ મને જે જવાબદારી સોંપી છે એ જવાબદારી નૈતિક રીતે અને પૂરી તાકાતથી ગુજરાતના પ્રશ્નો માટે અને જ્યાં અન્યાય થતો હશે ત્યાં પૂરી તાકાત અજમાવીને અદા કરીશ. આ બધું કામ કરવામાં તમારા બધાનો સાથ અને સહકાર મળતો રહેશે , તો જ આ કામ કરવામાં હું સફળતા મેળવીશ. આભાર માનીને હું બેસી ગયો.

નેતા તરીકે જવાબદારી લીધા પછી પ્રશ્નો માટે અને કેટલીક સમજ માટે મુરબ્બી શ્રી બાબુભાઈની કે જનતાપાર્ટીના પ્રમુખ અને કેટલાક મુરબ્બી ધારાસભ્યોની મારે સલાહ લેવી પડતી. પરિણામે નાનામોટા બધા પ્રશ્નોમાં મને માર્ગદર્શન મળતું અને પૂરો સાથ-સહકાર મળતો. ગુજરાતના મુખ્યમંત્રીથી માંડી તેમના સાથી મિત્રો સાથે વિરોધપક્ષના નેતા તરીકેની મારી રજૂઆતો હંમેશાં રચનાત્મક વલણવાળી રાખવાનો મારો પ્રયત્ન રહે છે . તેના કારણે અનેક પ્રશ્નોમાં મેં કરેલી રજૂઆતોમાંની ઘણી બાબતો. ગુજરાત સરકારે માન્ય રાખેલ છે. વ્યક્તિગત રીતે કેટલાક મંત્રીઓ સાથે ચર્ચાવિચારણા કરીને ખોટાં થતાં કામો અટકાવ્યાં છે. આ બધી ફરજો અદા કરવામાં તટસ્થતા જાળવી રાખી છે.

તેની અસર આ બધા કામમાં ઊભી થઈ છે. ગુજરાતના ઘણા તાલુકામાં વિરોધાપક્ષના નેતા તરીકે પ્રવાસ કરવાનું બને છે , તેમાં નાના-મોટા અનેક પ્રશ્નોમાં લોકોના સંપર્કમાં આવવાનું અને તેમના પ્રશ્નો સમજવાનું બને છે. ગુજરાતના નીતિવિષયક પ્રશ્નો જેવા કે દારૂબંધી , લૉટરી , સર્વોદય યોજનાઓ બંધ કરવાનું, અસામાજિક તત્વોને પોષણ આપવાનું વગેરે બાબતોમાં જ્યાં જ્યાં કહેવા જેવું લાગ્યું ત્યાં મારા સાથીદાર સભ્યોને સાથે લઈ વિધાનસભામાં , જાહેરમાં અને સરકારમાં પૂરી તાકાતથી રજૂઆત કરી છે. જાહેર જીવનનાં સ્થાપિત કરેલાં મૂલ્યોની જાળવણી કરીને ઘણાં કામમાં આ ૩ વર્ષ દરમ્યાન ભાગ ભજવ્યો છે. આદિવાસી વિસ્તારોમાં થતા અન્યાયો કે અનામત આંદોલનમાં, હરિજનો કે નબળાં વર્ગો ઉપર થતા જુલમ , કોમી રમખાણો વગેરે બાબતોમાં જાત-તપાસ કરીને જે નિર્ણય અમને યોગ્ય લાગ્યો તે સરકાર સમક્ષ અમે રજૂ કરેલ છે.

આ કામની સાથે સરકારે મને બે-ત્રણ મહત્વનાં કામ સોંપેલ. તેમાં વીજળીના મિનિમમ ચાર્જ અંગેના પ્રશ્નોમાં એક સભ્ય તરીકે કામ કરવાની તક મળી છે.

મિનિમમ ચાર્જ દુષ્કાળ વખતે ખેડૂતોને પાણી ન હોવાને કારણે અને વીજળી ન આપવાને કારણે વીજળીનો પાવર મળે નહીં અને છતાં ચાર્જ લેવાય તે વીજળી બોર્ડ કમિટીના સભ્ય તરીકે સાથે બેસીને તેનો વ્યવહારુ ઉકેલ કરી સરકારને આર્થિક રીતે અને ખેડૂતોને વધારે ઉપયોગી થાય તે રીતે પ્રશ્ન ઉકેલ્યો હતો.

ઘણી વખત વિરોધપક્ષના નેતા તરીકે મળતી સવલતો વધારે પડતી છે તેવો ભાર મને મન ઉપર રહેતો હોય છે કારણ કે ઘણાં વર્ષોથી લોકભારતીમાં મુ . શ્રી મનુભાઈ જેવા અને મુ. મૂળશંકરભાઈ જેવા કે બુચદાદા જેવાના સંપર્કમાં રહેવાથી તેમની સાદાઈ અને રહેણીકરણીનું મને આજે પણ ઘણું આકર્ષણ છે. એટલે આ બધી સગવડોનો ઉપયોગ બિનજરૂરી અને મને વધારે પડતો લાગે છે. તેથી નિવાસસ્થાન ઉપર અને પ્રવાસમાં અપાતી સિક્યોરિટીનો મેં નમ્રતાપૂર્વક અસ્વીકાર કરી, સરકારને જાણ કરી હતી . મેં જણાવેલ કે હું લોકોનો પ્રતિનિધિ છું અને લોકોની વચ્ચે રહેવામાં, ફરવામાં મારે કોઈ સિક્યોરિટીની જરૂર નથી. તેવી જ રીતે મકાનમાં અનેક જાતના સુધારાવધારા, ટાપટીપ, સુશોભન વગેરે બાબતોથી સદંતર દૂર રહેવાની આદત કેળવી છે. જે હાલતમાં અને જે રીતે મકાન મળેલ છે , તે જ હાલતમાં રહેવા દીધું છે. કેમકે લોકભારતીમાં સાદાઈથી, સુઘડતાવાળા મકાનમાં આંબાના ઝાડની છાંય નીચે ખાટલો નાખીને જે જીવનની ઉત્તમ ક્ષણો ગાળી છે તેની તુલનામાં આવા ભપકાઓ અને આડંબરથી અંજાઈ જવાનું ક્યારેય બનતું નથી.

મારે ફરી એક વાત નોંધવી જોઈએ કે મારા સ્વભાવમાં પહેલેથી જ વિરોધ કરવાની ટેવ નહીં અને તેવી વ્યક્તિને વિરોધપક્ષના નેતા બનાવે ત્યારે ઘણી મૂંઝવણ હોય ; કારણ કે લોકભારતીમાં કામની જે પદ્ધતિ હતી અને મુ. શ્રી મનુભાઈ કહેતા કે "આપણાથી થઈ શકે તે કામ કરવું પણ કોઈનું ખરાબ ન કરવું. તેવી જ રીતે રાજકીય કિન્નાખોરી ન રાખવી. કામ કરવા માટે પૂરો પ્રયત્ન કરવો. પછી તે કામ જાહેર હોય કે વ્યક્તિનું હોય." આવા રચનાત્મક વલણને કારણે વિરોધપક્ષમાં કામ કરવામાં મુશ્કેલી થાય એ સ્વાભાવિક છે , છતાં આ જ વલણ વિધાનસભાના વિરોધપક્ષના નેતા તરીકે મેં ચાલુ રાખ્યું છે. ગુજરાતના આર્થિક વિકાસનો પ્રશ્ન હોય, સામાજિક પ્રશ્ન હોય કે રાજકીય મૂલ્યોની બાબત હોય તે તમામનો પૂરી તાકાતથી સામનો કરી યોગ્ય રજૂઆત કરવી, ખોટી રીતે પ્રચાર કે નામના માટે જે વિરોધ થાય તેવો ક્યારેય વિરોધ કરવાનું મને સૂઝતું નથી, તે પણ મેં મારા આચરણ દ્વારા આ ચાલુ વિધાનસભામાં બતાવ્યું છે.

આ ઉપરાંત જાહેરજીવનની અનેક નાનીમોટી પ્રવૃત્તિઓના કસોટીકાળમાં મુ . શ્રી મનુભાઈનું સતત મળતું માર્ગદર્શન અને પ્રેરણા મારા માટે આશીર્વાદરૂપ છે જે નોંધતાં હું ગૌરવ અનુભવું છું.

એક વખત વિધાનસભામાં કાયદો અને વ્યવસ્થા બાબતના પ્રશ્નમાં ન સહી શકાય એવી મુશ્કેલી ઊભી થઈ અને આ સરકાર સામે શું કરવું ? તોફાન કરવું , ખુરશીઓ ઉછાળવી કે હાથોહાથની મારામારી કરવી વગેરે અનેક ગડમથલો મારા અને મિત્રોના મનમાં ચાલતી હતી. અમે નિર્ણય કર્યો કે સામેના લોકોનું પરિવર્તન કરવા રામધૂન લેવી. આવા પ્રસંગોએ કેટલાય બહારના વડીલો કે રાજકીય સાથીદારોએ ટીકા પણ કરી અને કેટલાકે શાબાશી પણ આપી. આમ જાહેરકામમાં જશ-અપજશ મળતો હોય છે પણ મારા મનમાં તો એટલો સંતોષ હતો કે સરકારને આપણે પૂરી તાકાતથી જે કહેવાનું હતું તે વિરોધપક્ષની રીતે કહ્યું. આજે પણ ચાલુ વિધાનસભામાં જ્યારે સરકાર ભ્રષ્ટાચારનું આરચણ કરાવે છે , પક્ષપલટો કરાવે છે તે વખતે ઉપવાસ ઉપર ઊતરવાનો સંકલ્પ કરેલો , ત્યારે ખૂબ વિચારતાં એમ પણ થયું કે વ્યક્તિગત રીતે મારી તેમ જ અન્ય વિરોધાપક્ષની વાતો અને આચરણની મર્યાદા લક્ષમાં લેતાં ઉપવાસ ન કરવા તે ઠીક થશે- કારણ કે લોકભારતીમાં એક વખત સ્વામી આનંદે કહેલ કે માણસનું આચરણ એ જ બીજા ઉપર અસર પાડે છે. આવા સારા સંસ્કાર જાણ્યે-અજાણ્યે પણ ઉપયોગી બનતા હોય છે . તે રીતે આ બધું કામ જાહેર જીવનમાં લોકભારતીના શિક્ષણ દ્વારા તેમ જ પૂ. નાનાભાઈ , મનુભાઈ, મૂળશંકરભાઈ, તથા બુચદાદાની પ્રેરણાથી ઉત્તરોત્તર થતું રહ્યું છે. ખુદ લોકભારતીનું જ વાતાવરણ અને કુટુંબ જીવન એવું છે કે તેમાં કોઈ આડંબર કે દંભ દેખાડવાનું છે નહીં . પહેલેથી જ પૂ. શ્રી. નાનાભાઈની શિક્ષણ પદ્ધતિમાં આ બાબતો રહેલી છે. તેની અસર મારા જીવનની અનેક બાબત ઉપર પડી છે અને તે કારણે જાહેર જીવનમાં કોઈ પણ કામ નિષ્ઠા , પ્રામાણિકતા અને સાદાઈથી કરેલ છે અને જીવનમાં તે જ્યાં ત્યાં કહી બતાવવાનો ક્યારેય પ્રયત્ન કરેલ નથી. એટલું જ નહીં પરંતુ લોકભારતીમાં રહીને પ્રાપ્ત કરેલું પ્રત્યક્ષ કે પરોક્ષ શિક્ષણ, સંસ્કાર, અનુભવ અને મહાનુભાવો સાથે કામ કરવાની મળેલી તકો-અને તે બધાંએ મારામાં મૂકેલો વિશ્વાસ મને નાનાંમોટાં દરેક કાર્યોમાં પ્રેરણા આપતો રહ્યો છે. આજે મારું જે કાંઈ જાહેર જીવન છે અને જે કાંઈ કામ કરું છું એ લોકભારતીના શિક્ષણનું પ્રતિબિંબ છે અને તેને જ આભારી છે એમ કહેતાં હું ધન્યતા અનુભવું છું.

# કુટુંબજીવનની વાતો

૧૯૫૬થી મારા કુટુંબજીવનનો વ્યવહાર શરૂ થયો. મારાં પત્ની મારી સાથે ભૂતડિયા લોકશાળામાં રહેવા આવ્યાં. ત્યાં કોઈ વસતી ન હતી. કોઈ કુટુંબ રહેતું ન હતું. માત્ર કનુભાઈ અને તેમનાં કુટુંબીઓ રહેતાં. આજુબાજુના ડુંગરા અને વાઘરી , ભરવાડ, રબારી વગેરે આદિવાસી જેવા અને ચોરી-લૂંટફાટનો ધંધો કરનારા રહેતા હતા. આવાં ગરીબ કુટુંબના માણસો અને ખાસ કરીને પછાતવર્ગની બહેનો આવતી , ત્યારે મારાં પત્ની તરફથી હંમેશાં તેમને મીઠો આવકાર મળતો. ખાવાપીવાની બાબતમાં સાદાઈ રાખીને અને મારા જીવન અને કાર્યને અનુરૂપ વર્તીને મારા કુટુંબની શોભા વધારી છે. ત્યાર પછી અમે ૧૯૬૩માં લોકભારતીમાં આવ્યાં. મારાં બાળકો પ્રાથમિકશાળામાં ભણતાં. મારાં બાળકોનો અભ્યાસ પણ લોકભારતીના વાતાવરણમાં શરૂ થયો. હું ઘણી વાર કહેતો હોઉં છું કે મારા સસરા પક્ષનું કુટુંબ ગ્રામસંસ્કૃતિને અનુરૂપ ખૂબ જ સંસ્કારી છે . આવા કુટુંબમાંથી આવેલ મારાં પત્નીને મારા કુટુંબના સેવાવૃત્તિ , ધાર્મિકતા અને પરોપકારિતાના સંસ્કાર મળ્યા અને તેમાં લોકભારતીના સંસ્કારનો ઉમેરો થયો.

મારે ત્રણ બાળકો છે, જે લોકભારતીમાં ગ્રેજ્યુએટ થયાં છે. મારાં પત્ની પી. એચ. ડી. થયાં હોય તેવું લોકવ્યવહારુ શિક્ષણ તેમને પૂ. વિજયાબહેન અને કુટુંબના વડીલો પાસેથી મળેલું છે . જરૂરી કરકસર, બીજાને માટે ઉપયોગી થવાનું અને વધારે પડતાં સોનાનાં ઘરેણાંનો ત્યાગ વગેરે અનેક વસ્તુઓ લોકભારતીમાંથી તેમને મળી. મારા જાહેરજીવનમાં હું જે કક્ષાએ પહોંચી શક્યો છું તેમાં તેમનો પૂરેપૂરો સાથ-સહકાર રહ્યો છે અને તેમના તરફથી મારી દરેક પ્રવૃત્તિને સદાય પ્રોત્સાહન મળતું રહ્યું છે. મને યાદ છે કે ગાંધીપદયાત્રામાં મારી સાથે શેત્રુંજીકાંઠાના દારૂના ભઠ્ઠાઓ ચાલતા હોય એવા ગામના પ્રવાસમાં અમે સાથે જતાં. ગામલોકોની મના હોય એવાં ગામોમાં રાતવાસો કરતાં. આમ મને ખૂબ જ સહકાર મળેલો છે. તેવી જ રીતે મારા આર્થિક વહેવારોનો ભાર મારા પિતાશ્રી અને ભાઈઓએ ઉપાડી લીધેલો છે . આ બધા સહયોગને કારણે આજે હું મારી જાહેર જીવનની દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ સમય આપી શકું છું.



# શ્રી દલસુખ ગોધાણી

શ્રી દલસુખ જેરામભાઈ ગોધાણીનો જન્મ ૧૯૩૪ના જુલાઈની ઓગણત્રીસ તારીખે સિહોર તાલુકાના બુઢણા ગામે થયો હતો.

વતન પાલિતાણાનું રતનપુર ગામ. સારી ખેતીવાળા સુખી-સમૃદ્ધ , સંસ્કારી કુટુંબમાં ઉછેર થયો. પ્રાથમિક શિક્ષણ રતનપુર અને પાલિતાણામાં લીધું , હાઈસ્કૂલ શિક્ષણ આલ્ફ્રેડ હાઈસ્કૂલ-ભાવનગરમાં મેળવ્યું.૧૯૫૬માં લોકભારતીના સ્નાતક થયા.

ભૂતડિયા લોકશાળા સ્થાપી શિક્ષણકાર્યનો પ્રારંભ કર્યો હતો. લોકભારતીના પંચાયતરાજ તાલીમ કેન્દ્રના આચાર્ય અને લોકભારતીના જોઈન્ટ ડિરેક્ટર તરીકે રહ્યા. ૧૯૭૬માં ધારાસભ્ય તરીકે ચૂંટાઈ રાજકારણમાં પ્રવેશ કર્યો. તે દરમિયાન ગુજરાત ધારાસભા નિયુક્ત એસ્ટીમેટ કમિટિ , પબ્લિક એકાઉન્ટ કમિટિ, રાજ્ય ઈરિગેશન બોર્ડ, યૂથ બોર્ડ વગેરેના સભ્ય તરીકે કાર્ય કર્યું.

ગ્રામ પંચાયતના સરપંચ, વાળુકડ લોકશાળાના સ્થાપક અને ચેરમેન , તાલુકા પંચાયતના સભ્ય, ભાવનગર જિલ્લા લોકલબોર્ડના સભ્ય તેમ જ શિક્ષણ સમિતિના સભ્ય અને ભાવનગર જિલ્લા સહકારી બેંકના પ્રમુખ તરીકે પણ રહ્યા.

૧૯૬૨-૬૩માં યૂથ ફાર્મ એક્સચેઈન્જ યોજના હેઠળ અમેરિકા , કેનેડા , ઈટાલી , ફ્રાન્સ , ડેન્માર્ક, સ્વીટ્ઝરલેન્ડ , ગ્રીસ , બેલ્જિયમ , ઈજિપ્ત વગેરે રાષ્ટ્રોમાં સામૂહિક વિકાસ યોજનાનો અભ્યાસ કર્યો. ૧૯૭૭માં સહકારી પ્રવૃત્તિઓના અભ્યાસાર્થે થાઈલેન્ડ , જાપાન , ફિલિપાઈન્સ , તાઈવાન, મલયેશિયા અને હોંગકોંગ જઈ આવ્યા. ૧૯૮૦થી ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા તરીકે કામગીરી બજાવે છે. ઉપરાંત કેળવણી, રચનાત્મક પ્રવૃત્તિઓ, ગ્રામ વિદ્યાવિસ્તાર, અને નવનિર્માણ, સહકાર અને પંચાયત પ્રવૃત્તિ, કુટુંબ કલ્યાણ, ખેતીવાડી અને પ્રવાસ દ્વારા લોકસંપર્કમાં સારો રસ ધરાવે છે.

તેમણે અજવાળીબેન સાથે લગ્ન કર્યું છે. તેમને ત્રણ બાળકો છે : સુધા , સુકન્યા અને ગિરીશ.